૪૨ મું વાર્ષિક સ્નેહ સંમેલન

આજના સ્નેહસંમેલનના "મુખ્ય મહેમાન"

# શ્રી હસમુખભાઇ એમ. શાહ

કે.ટી. પરિવાર-વસઇ

આપણા આજના 42માં સ્નેહ સંમેલનના મુખ્ય મહેમાન શ્રી હસમુખભાઇ એમ. શાહ ને કોઇ પણ પરિચયની જરૂર નથી.આપણા સેવા સંઘના ટ્રસ્ટી, સમાજના મોભી અને માર્ગદર્શક આ ઉંમરે પણ સમાજની અલગ અલગ સેવાભાવી પ્રવૃત્તિમાં કાર્યરત છે. કે.ટી. પરિવારના વડિલ અને મુરબ્બી શ્રી હસમુખભાઇ વિવિધ સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે જેમ કે...

◆ શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળીસેવા સંઘ,બોરીવલી-ટ્રસ્ટી, ◆ અન્ના સાહેબ વર્તક કોલેજ ઓફ આર્ટસ, કોમર્સ એન્ડ સાયન્સ,વસઇ-ટ્રસ્ટી ◆ વસઇ ગુજરાતી એજ્યુકેશન સોસાયટી-ટ્રસ્ટી ◆ વસઇ ગુજરાતી સમાજ-પ્રમુખ ◆ વસઇ નવઘર લાયન્સ કલ્બ, તથા અન્ય સામાજીક સંસ્થાઓમાં અવિરત સેવા આપી રહ્યા છે અને સક્રિય કામ કરી રહ્યા છે. તેમની દીનચર્યામાં આજે પણ રોજ સવારે કોલેજ જવાનું જ... તેમાં સક્રિય રીતે કામગીરી બજાવવી. તેમ જ પારિવારીક ઉદ્યોગમાં સક્રિય રહી દરેકને માર્ગદર્શન પૂરૂ પાડવું. તદઉપરાંત કૌટુંબિક જવાબદારી માં પણ સદા અગ્રેસર રહ્યા છે.

આપણી સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ તથા હાલ ટ્રસ્ટી રહી દરેક કાર્યમાં તન, મન અને ધનથી ભાગ લઇ સંસ્થાને આગળ લઇ જવામાં ખૂબ મોટો ફાળો આપેલ છે.

આજના સ્નેહસંમેલનના "અતિથી વિશેષ"

ભગવદીય

# શ્રી ચિમનભાઇ મુળજીભાઇ મહેતા પરિવાર

બોરીવલી-વિરાર

"ભગવદીય શ્રી ચિમનભાઇ મુળજીભાઇ મહેતા" નો જન્મ સપ્ટે.1955ના રોજ વિરાર ખાતે થયો હતો. તેમનું શિક્ષણ ચાર ધોરણ સુધી ગુજરાતી માધ્યમમાં અને પછી મરાઠી માધ્યમમાં લ;ીધું. ત્યાર પછી અગાસીમાં મસાલા અને કરિયાણાનો ધંધો શરૂ કર્યો. ધીમે ધીમે વિરાર રહેવા આગી ગયા. પછી લેન્ડ ડેવલપર્સ અને બિલ્ડીંગના વ્યવસાયમાં આગળ વધ્યાં. ધંધા સાથે શ્રીનાથજી પ્રત્યેની અતુટ શ્રદ્ધા અને પુષ્ટીય માર્ગીય સેવા કરતા. પછી ગિરીરાજની ઘણી પરિક્રમા કરી. તેઓએ દંડવતી પરિક્રમા પણ કરી છે. ત્યાર બાદ સફળ થતા ગયા. એટલે 2007માં વિરારમાં તેમના પિતાશ્રીના નામે મુળજીભાઇ ઇન્ટરનેશનલ સ્કુલની સ્થાપના કરી. જે CBSE બોર્ડની છે. ધીમે ધીમે સમાજસેવામાં પણ રસ ધરાવતા થઇ ગયા. આપણા સમાજ એટલે કે શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ-બોરીવલીને ઓફિસ કામકાજ માટે જગ્યાની જરૂર પડી, આ માટે ઓફિસ કાર્યાલય માટે તેમણે બોરીવલીમાં તેમના પિતાશ્રીના નામે શ્રી મુળજીભાઇ ગોપાળજી મહેતા પરિવારના નામે જગ્યા આપી. સેવા સંઘમાં વર્ષો સુધી ટ્રસ્ટી રહી સેવા સંઘને આગળ વધારવા કિંમતી ફાળો આપ્યો. આપણા સમાજના બાળકોને ભણવામાં ફી વગેરેની તકલીફ ન પડે તેથી તેમના ધર્મપત્ની શ્રીમતી ગીતાબેને તથા તેમના સુપૂત્રો શ્રી ભાવેશભાઇ તથા પરેશભાઈએ "અભ્યાસ સમર્થક સહકાર યોજના" માં સારું એવું અનુદાન આપી યોજના શરૂ કરી. આ રીતે ઘણા સામાજીક અને આધ્યાત્મીક કાર્યો કર્યા. સમાજ તથા ઘરમાં કુટુંબના માટે એક આદર્શ વ્યક્તિ તરીકે ઓળખાતા હતા અને રહેશે.

---

**માનદ્ મંત્રી**
શ્રી ભુપેશભાઈ એમ. મહેતા
શ્રીમતી રેવતીબેન એચ. શાહ
શ્રી પંકજભાઈ જે. શાહ

**પ્રમુખ**
શ્રી ભાવેશભાઈ વી. મહેતા

**ઉપપ્રમુખ**
શ્રી હેમાંગભાઈ એમ. શાહ
શ્રી ચેતનભાઈ બી. દોશી

**ખજાનચી**
શ્રી વિજયભાઈ એમ. મહેતા
શ્રી ધર્મીલભાઈ એમ. શાહ
શ્રી સુભાષભાઈ એમ. શાહ